RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 54, Dt.14-05-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભાજપમાં અસંતોષ! પાટીલ સામે પાટીદાર નેતાઓનો મોરચો



## ઈફકોની ચૂંટણી બાદ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સામે પક્ષના જ કેટલાંક નેતાઓ નારાજઃ ગઈકાલે અમરેલીમાં યોજાયેલ સંઘાણીના સન્માન સમારંભમાં કેન્દ્રીય મંત્રી પરષોત્તમ રૂપાલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ, સહકારી નેતા જયેશ રાદડિયા તેમજ અમરેલીના સાંસદ નારણ કાછડીયાની હાજરી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ઈફ્કોની ચૂંટણીના પગલે ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટિલ સામે ભાજપના જ કેટલાક પાટીદાર નેતાઓની ધરી રચાઈ રહ્યાના નિર્દેશો અમરેલીથી સાંપડયા છે અને સહકારી ક્ષેત્રે મેન્ડેટ આપતી અને ઉમેદવારની પસંદગી કરતી પક્ષની નેતાગીરી સામે અવાજ ઉઠાવનાર રાદડીયા,સંઘાણીને સોમવારે જન્મદિવસની સભાના નામ પર મુક સમર્થન અપાયાની ચર્ચા જાગી છે.

ભાજપના મેન્ડેટની વિરૂધ્ધ જયેશ રાદડીયાએ વટથી ઈફ્કોના ડાયરેકટરની ચૂંટણી જીતી બતાવી અને દિલિપ સંઘાણીએ એ જ સમયે પ્રદેશ ભાજપ પ્રમુખના ઈલુ ઈલુનો ખુલ્લો જવાબ આપી દીધા બાદ આ બન્ને નેતા સામે શિસ્તભંગની કોઈ મજબૂત માંગ પક્ષમાંથી થઈ નથી બલ્કે બન્નેને પક્ષના નેતાઓનું પરોક્ષ સમર્થન મળી રહ્યું છે.

જન્મદિવસની ઉજવણી આમ તો કેક કાપી મોજમજા કરીને થતી હોય છે પરંતુ, તેના નામ પર ગઈકાલે અમરેલીમાં યોજાયેલ સંઘાણીના સન્માનની સભામાં મુખ્યમંત્રી પદ નહીં મેળવી શકનાર અને હવે ધારાસભ્યપદે પણ નહીં તેવા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ આ શક્તિપ્રદર્શન નથી તેવો ખુલાસો કરતા હાજર રહ્યા હતા તો વિવાદીત નિવેદન ટાળીને જયેશ રાદડીયા પણ સ્વાભાવિક રીતે હાજર રહ્યા હતા.ઉપરાંત ભાજપે પસંદ કરેલા અમરેલીના ઉમેદવાર સુતરિયા સામે ખુલ્લો વિરોધ કરનાર અને આ પસંદગીના કારણે લીડ ઘટશે તેમ કહેનાર સાંસદ નારણ કાછડીયા પણ આ પ્રસંગે હાજર હતા.આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી અને રાજકોટથી ચૂંટણી લડનાર પરસોતમ રૂપાલા અને ડો.કાનાબાર તેમજ અન્ય પાટીદાર નેતાઓની હાજરીને સૂચક માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ખોડલધામના પૂર્વ ટ્રસ્ટી અને હાલ રાજકોટના ધારાસભ્ય રમેશ ટીલાળાએ પણ જયેશ રાદડીયાએ કશુ ખોટુ નથી કર્યું તેમ જણાવી સમર્થન આપ્યું હતું તો ખોડલધામના પૂર્વ પ્રમુખ પરેશ ગજેરાએ પણ રાદડીયાને હરાવવાનો પ્રયાસ કરનાર ટ્રસ્ટીને પદ પરથી હટાવવાની માંગ કરી હતી. ઉપરાંત રાજકોટ ડેરીના ચેરમેન તો રાદડિયાનો પડછાયો બનીને સાથે રહ્યા હતા. આમ, ભાજપની સામે ભાજપમાં રહીને અવાજ ઉઠાવનારને સૌરાષ્ટ્રમાંથી સમર્થન મળી રહ્યું છે.

તો બીજી તરફ, અમરેલીના આ કાર્યક્રમમાં થોડા સમય પહેલા કોંગ્રેસમાંથી પક્ષપલ્ટો કરીને ભાજપમાં આવેલા અને પાટિલે જેના માટે જગ્યા રાખી હતી તે અંબરીશ ડેર, અગાઉ ધારાસભા ચૂંટણી પૂર્વે પક્ષપલ્ટો કરનાર જે.વી.કાકડીયા, અમરેલી બેઠકના હાલના ઉમેદવાર સહિત નેતાઓની ગેરહાજરી પણ સૂચક ગણાતી હતી. એક સમયે સૌરાષ્ટ્રના રાજકારણનું એપીસેન્ટર વિજય રૂપાણીના સમયમાં રાજકોટ રહ્યું છે અને હવે આ સેન્ટર અમરેલી બની રહ્યું છે. લોકસભા ચૂંટણીમાં જો રાજકોટમાંથી ભાજપ જીતે તો રાજકોટના સત્તાના કેન્દ્રમાં ફેરફાર થવાના એંધાણ પણ મળી રહ્યા છે.

# વારાણસીમાં મોદીએ શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારીપત્ર દાખલ કર્યુ

## ઉમેદવારીપત્ર ભરતાં પહેલાં ગંગા માઁ નું પૂજન કર્યુઃ ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ સહિતના એનડીએના દિગ્ગજોની હાજરી

**મુખ્ય સમાચાર, વારાણસી**

વડાપ્રધાન મોદીએ આજે ત્રીજી વાર વારાણસી લોકસભા સીટ પર શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારીપત્ર ભર્યું હતું. વડાપ્રધાન નામાંકન સંપૂર્ણ શાસ્ત્રીય વિધિવિધાન સાથે ભર્યું હતું. ઉમેદવારી પત્ર દાખલ કરવા માટે પસંદ કરવામાં આવેલ તિથિ વૈશાખ શુકલ સપ્તમી છે. ધર્મશાસ્ત્રીય માન્યતા છે કે આ તિથિમાં જ મા ગંગાની સ્વર્ગમાં ઉત્પતિ થઈ હતી અને તેણે ભગવાન શિવની જટાઓમાં સ્થાન મેળવ્યું હતું.

વડાપ્રધાન નામાંકન દાખલ કરતા પણ સુરક્ષાનો કડક બંદોબસ્ત કરાયો હતો. ૨૦૧૯માં પણ વડાપ્રધાન મોદીએ



વારાણસી લોકસભા સીટ પરથી જ ઉમેદવારીપત્ર ભર્યું હતું અને જબરદસ્ત જીત મેળવી હતી.

આ વખતે વડાપ્રધાને વારાણસીથી ઉમેદવારી પત્ર ભરતા પહેલા સોમવારે લગભગ ૪ કલાકનો રોડ શો કર્યો હતો. તેમણે કાશી વિશ્વનાથ મંદિરે પૂજા-અર્ચના કરી હતી.

મોદી નામાંકનપત્ર ભરતા પહેલા બનારસના દશાશ્વમેઘ ઘાટ પર ગયા હતા ત્યારબાદ કાલ ભૈરવ મંદિરે દર્શન કર્યા હતા. વડાપ્રધાને ઉમેદવારીપત્ર ભરતા પહેલા ગંગા પૂજન કર્યું હતું''

નામાંકન પત્ર મોદીએ ભર્યું ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ, રક્ષામંત્રી રાજનાથસિંહ, બિહારના સીએમ નીતીશકુમાર, રાલોદ અધ્યક્ષ જયંત ચૌધરી, ભાજપ પ્રદેશ અધ્યક્ષ ભુપેન્દ્રસિંહ ચૌધરી, અપના દલ એસ અધ્યક્ષ અનુપ્રિયા પટેલ સહિત અનેક નેતાઓ ઉપસ્થિત હતા. મોદીના નામાંકન પ્રસ્તાવકોમાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડ, દિવ્યાંગ નેશનલ શુટર સુમેધા પાઠકની સાથે પદ્મ પુરસ્કારથી સન્માનીતો સામેલ હતા.

પીએમ મોદીના નામાંકનને લઈને ગ્રહોની દશા અને દિશાને પણ જોવામાં આવી હતી. મોદીના નામાંકન સમયે ગ્રહોની સ્થિતિ સર્વોતમ હતી. રામમંદિરના શિલાન્યાસ અને રામલલાની પ્રતિમાની પ્રાણ પ્રતિષ્ઠાનું મુર્હુત આપનાર પંડિત ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડે પણ આ સર્વોતમ મુહુર્ત કાઢયું હતું. નામાંકન પહેલા મોદીએ કાશીમાં રોડ શો કર્યો હતો. કમલ રથ પર સવાર થયા હતા. આ દરમિયાન મોદીએ જીતની હેટ્રીકના આશીર્વાદ માંગ્યા હતા.''

# પોઈચાની નર્મદા નદીમાં ૩ નાના બાળકો સહિત ૭ પાણીમાં ગરકાવ

## સુરતથી ફરવા આવેલાં યાત્રાળુઓ નદીમાં ન્હાવા પડયા હતાઃ એકનો બચાવ

**મુખ્ય સમાચાર, સુરત**

સુરત રહેતા ૮ પ્રવાસીઓ પોઇચા ફરવા આવ્યા હતા. અમરેલી જિલ્લાનાં મૂળ વતની અને હાલ સુરત રહેતા પ્રવાસીઓ નદીમાં નાહવા પડતા પાણીમાં ગરકાવ થયા છે. બચાવો બચાવોની બૂમો ઉઠતા સ્થાનિક નાવિકો પણ બચાવવા પાણીમાં કૂધા હતા. કુલ ૮ પ્રવાસીઓમાં ત્રણ નાના બાળકો હતા. સ્થનિકોએ એકને ડૂબતા આબાદ બચાવ્યો હતો. હજુ ૭ લાપતાની શોધખોળ શરૂ કરાઈ છે. રાજપીપળા ટાઉન પોલીસ, નગરપાલિકાના ફાયર ફાઇટરો ઘટનાસ્થળે પહોંચ્યા છે અને શોધખોળ હાથ ધરી છે.



# નકલી દસ્તાવેજથી તબીબ બનેલી વિદ્યાર્થિનીનું એડમિશન માન્ય રાખતી બોમ્બ હાઈકોર્ટ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

એક છોકરી એમબીબીએસનો અભ્યાસ કરીને ડોકટર બની ગઈ હતી. પરંતુ થયું એવું કે તેણીએ એડમિશન સમયે ખોટા દસ્તાવેજો આપીને પ્રવેશ મેળવ્યો હતો. જયારે આ મામલો બોમ્બે હાઈકોર્ટમાં પહોંચ્યો ત્યારે બેંચે પણ સ્વીકાર્યું કે, છોકરીએ ભૂલ કરી છે, પરંતુ તેનું એમબીબીએસનું એડમિશન રદ કરવાનો ઈન્કાર કર્યો હતો.

હાઈકોર્ટે કહ્યું કે, દેશમાં દર્દીઓના પ્રમાણમાં ડોકટરોની અછત છે. જેથી હવે આ છોકરી ડોકટર બની ગઈ છે તો તેનું એડમિશન રદ કરવાથી રાષ્ટ્રને નુકશાન થશે, જે રાષ્ટ્રના હિતમાં નથી. હકીકતમાં આરોપ એવો હતો કે, એમબીબીએસ પાસ કરીને ડોક્ટર બનેલી છોકરીએ એડમિશન દરમિયાન ઓબીસી નોન ક્રિમી લેયરના નકલી દસ્તા



જસ્ટિસ એ.એસ. ચંદુરકર અને જસ્ટિસ જિતેન્દ્ર જૈનની ખંડપીઠે સંબંધિત છોકરીનું નોન ક્રિમીલેયર ઓબીસીનું પ્રમાણપત્ર રદ કર્યુ હતું. આ સાથે એમબીબીએસમાં તેણીના પ્રવેશને ઓપન કેટેગરીમાં જાહેર કરવામાં આવ્યો હતો.

કોર્ટે ડોકટર બનેલી છોકરીને આદેશ આપ્યો કે, તે હવે ઓપન કેટેગરીની ઉમેદવાર રહેશે. આ સાતે ઓપન કેટેગરી હેઠળ જમા કરાયેલી ફી તેણીએ ચૂકવવાનો કોર્ટે આદેશ આપ્યો હતો તેમજ કોર્ટે ૫૦ હજારનો દંડ પણ પટકાર્યો હતો. છોકરીને મોટી રાહત આપતા બેંચે કહ્યું કે, અમે જાણીએ છીએ કે મેડિકલ કોર્સમાં એડમિશન મેળવવું કેટલું મુશ્કેલ છે અને તેની કિંમત કેટલી છે.

# ચારધામ યાત્રાના પ્રથમ ત્રણ દિવસમાં જ દોઢ લાખ ભાવિકો ઉમટયા

## પર્વતીય ક્ષેત્રની કેપેસીટી સામે ઉઠાવાતા સવાલઃ નિષ્ણાંતોએ લાલબત્તી ધરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હિન્દુઓની અત્યંત અને આસ્થાભરી ચારધામ યાત્રા શરૂ થયાના ત્રણ જ દિવસમાં ૧.૫૦ લાખ ભાવિકો ઉમટી પડયા હતા જે ગત વર્ષની ૯૫૦૦૦ ની સરખામણીએ ૬૧ ટકાનો ધરખમ વધારો સુચવે છે.

હિમાલયન ક્ષેત્રમાં આવેલા યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ તથા બદ્રીનાથની પવિત્ર ચારધામ યાત્રા ૧૦મી મેથી શરૂ થઈ છે. કેદારનાથમાં ભાવીકોની સંખ્યામાં ૬૭ ટકાનો વધારો થયો છે. ગત વર્ષે ૪૪૮૯૨ ભાવીકો હતં તે રીતે ગંગોત્રીમાં ૬૧ ટકા તથા યમુનોત્રીમાં ૫૯ ટકા વધુ ભાવીકો આવ્યા છે.

બદ્રીનાથના કપાટ ખુલ્યાને બે દિવસ થયા છે. ગત વર્ષે બે દિવસમાં ૧૫૪૩૨



યાત્રાળુઓ હતા તે આ વખતે પ્રથમ દિવસે ૨૨૬૯૦ ભાવીકોની સંખ્યા ૧૦ છે. ભાવીકો-વાહનોની મર્યાદિત ક્ષમતા ધરાવતા આ ઝોનમાં કલાકો સુધી ટ્રાફીક જામ તથા લાંબી કતારોમાં ઉભા રહીને પણ ભાવીકોએ ભગવાનના દર્શન કરવાનું વલણ અપનાવ્યુ છે.

નિષ્ણાંતોએ ભગવાનના દર્શન કરવાનું વલણ અપનાવ્યુ છે. નિષ્ણાંતોએ એવી લાલબતી ધરી છે કે વર્તમાન ધોરણે જ ભાવીકોનો ઘસારો રહેવાના સંજોગોમાં આ વર્ષે યાત્રાળુઓની સંખ્યા ૮૦ લાખ પર પહોંચી શકે છે અને પર્વતીય ઝોનની આટલો ઘસારો સહન કરવાની ક્ષમતા નથી. લાખોની સંખ્યામાં યાત્રાળુઓ તથા હજારો વાહનોનો ભાર ઉંચકવા માટે પર્યાપ્ત ઈન્ફ્રાસ્ટ્રકચર છે? તે દિશામાં વહીવટીતંત્ર તથા સરકારે વિચારવુ જોઈએ. વધારાની સગવડો ન ઉમેરાય તો ઘાતક-વિનાશક પરીણામો સર્જાવાનો ખતરો રહેશે.

સોશ્યલ ડેવલપમેન્ટ ફોર કોમ્યુનીટીઝ ફાઉન્ડેશનના સ્થાપક અનુપ નૌટીમ્પના કહેવા પ્રમાણે યમુનોત્રીના દર્શને જતા હજારો યાત્રાળુઓના વીડીયોથી સોશ્યલ મીડીયામાં અનેક પ્રત્યાઘાતો વ્યકત થવા લાગ્યા છે.

મોટાભાગે લાલબતી ધરી રહ્યા છે અને તે પછી જ સરકાર તથા પોલીસતંત્ર દ્વારા ભાવીકોને એક દિવસ પછી આવવાનો અનુરોધ કરવાની ફરજ પડી હતી. યાત્રાળુઓને પવિત્ર યાત્રા વધુ સરળતાથી કરાવવી હોય તથા ઉતરાખંડની સારી ઈમેજનો અનુભવ કરાવવો હોય તો ભાવીકોની સંખ્યા ચકાસીને વધુ સારી તૈયારી કરવાની જરૂર છે.

# દેશની રિટેલ મોંઘવારી છેલ્લા ૧૧ માસના તળિયે પહોંચીઃ પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશની રિટેલ મોંઘવારી એપ્રિલ માસમાં ૧૧ માસના તળિયે પહોંચી છે. પેટ્રોલ-ડીઝલ સહિત ઈંધણના ભાવોમાં ઘટાડાના પગલે કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ ફુગાવો એપ્રિલમાં ૪.૮૩ ટકા નોંધાયો છે. જે માર્ચમાં ૪.૮૫ ટકા હતો. અર્થશાસ્ત્રીઓના ૪.૮૦ ટકા અંદાજ સામે વધ્યો છે.

ખાદ્ય ચીજોના ભાવમાં વધારો નોંધાયો હોવા છતાં રિટેલ મોંઘવારી સ્થિર રહી છે. જેની પાછળનું કારણ પેટ્રોલ-ડીઝલ સહિત ઈંધણના ભાવોમાં ઘટાડો છે. ફૂડ એન્ડ બેવરેજીસની કિંમતો માર્ચમાં ૭.૬૮ ટકા સામે વધી એપ્રિલમાં ૭.૮૭ ટકા થઈ છે.

ઈંધણ અને વીજનો મોંઘવારી દર





ઘટી એપ્રિલમાં ૪.૨૪ ટકા નોંધાતા રિટેલ ફુગાવો સતત આઠમા મહિને આરબીઆઈની ૨-૬ ટકાની મર્યાદા હેઠળ નોંધાયો છે. એપ્રિલમાં ખાદ્ય ચીજોનો ફુગાવો વધી ૮.૭૦ ટકા થયો છે. જે માર્ચમાં ૮.૫૨ ટકા હતો. ફળોની કિંમતો માર્ચમાં ૩.૦૭ ટકા સામે વધી એપ્રિલમાં ૫.૨૨ ટકા થઈ છે. જો કે, શાકભાજી અને દાળોમાં મોંઘવારી ઘટી છે.

વાર્ષિક ધોરણે સીપીઆઈ ફુગાવો ૪.૮૩ ટકાની અપેક્ષા મુજબ નોંધાવો છે. ખાદ્ય ચીજો સિવાય તમામ સેગમેન્ટમાં મોંઘવારી ઘટી છે. જેથી આગામી સમયમાં વ્યાજદરોમાં કોઈ વૃદ્ધિ જોવા નહિ મળે તેવુ ટાટા એસેટ મેનેજમેન્ટના ફિક્સ્ડ ઈનકમ ફંડ મેનેજર અખિલ મિત્તલે જણાવ્યું છે.

# મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં સુરક્ષા દળો સાથે અથડામણમાં ત્રણ નક્સલવાદીઓ ઠાર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના ભામરાગઢ જંગલમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં ત્રણ નક્સલવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર કરવામાં આવેલા નક્સલવાદીઓમાં બે મહિલાઓ પણ સામેલ છે. પોલીસે એક પુરુષ અને બે મહિલા નક્સલવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે. ગઢચિરોલી મહારાષ્ટ્રના નક્સલ પ્રભાવિત વિસ્તારોમાંનો એક છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કામાં અહીં મતદાન થયું છે. ગોળીબાર બંધ થયા બાદ સુરક્ષા દળોએ સ્થળ પરથી એક AK-47 રાઈફલ, એક કાર્બાઈન ગન



અને એક ઈન્સાસ રાઈફલ જપ્ત કરી છે.

પોલીસ અધિક્ષક નીલોત્પલે કહ્યું કે, નક્સલવાદીઓના પેરીમિલી દલમના કેટલાક સભ્યોએ પોતાના ચાલી રહેલા ટેકિટકલ કાઉન્ટર ઓફેન્સિવ ઓપરેશનના સમયગાળા દરમિયાન વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઉદ્દેશ્યથી ભામરાગઢ તાલુકાના કટરાંગટ્ટા ગામ પાસે એક જંગલમાં પડાવ નાખ્યો હતો.

તેમણે કહ્યું કે, ગઢચિરોલી પોલીસની વિશેષ લડાયક શાખા C-60 કમાન્ડોની બે ટુકડીઓને તાત્કાલિક વિસ્તારમાં સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. જ્યારે આ ટીમો સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી ત્યારે નક્સલવાદીઓએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેનો ઈ-૬૦ કમાન્ડોએ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે, ગોળીબાર બંધ થયા બાદ સ્થળ પરથી એક પુરુષ અને બે મહિલા નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. તેમાંથી એકની ઓળખ પેરિમિલી દાલમના પ્રભારી અને કમાન્ડર વાસ તરીકે થઈ છે.

# ચડત ભરણપોષણની રકમ નહીં ચૂકવતા પતિને ૫૬૦ દિવસની કેદ

**મુખ્ય સમાચાર, જામનગર**

ખંભાળિયામાં રહેતા રાજેશભાઈ હિંડોચાના સુપુત્રી પૂજાબેનના લગ્ન મૂળ જૂનાગઢ ખાતે રહેતા વિવેક કિશોરભાઈ રૂપારેલીયા સાથે ૨-૦૫-૨૦૧૩ ના રોજ ખંભાળિયા ખાતે હિન્દૂ શાસ્ત્રોક્ત વિધિથી થયા હતા. લગ્નજીવન દરમ્યાન તેઓને પુત્રી સાક્ષીનો જન્મ થયો હતો. લગ્ન બાદ તેઓ જુનાગઢ ખાતે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા.સાસરીયાઓએ થોડો સમય પૂજાબેનને સારી રીતે રાખ્યા બાદ પતિ વિવેક રૂપારેલીયા તેમજ સાસુ, સસરા, નણંદ, દેર વિગેરેએ ઘરકામ બાબતે મેણા ટોણા મારી, દહેજની માંગણી કરી અને શારીરિક તથા માનસિક દુઃખ ત્રાસ આપી, તારીખ ૧૭-૦૨-૨૦૨૧ ના રોજ તેણીના સ્ત્રી ધનની ચીજ વસ્તુઓ રાખી લઈ અને માસુમ પુત્રી સાથે પહેર્યા કપડે ઘરની બહાર કાઢી મૂકી હતી.આ અંગે ખંભાળિયાની અદાલતમાં પૂજાબેન દ્વારા પતિ વિવેક કિશોરભાઈ સામે ભરણપોષણ મેળવવા અંગેની અરજી કરતા ફેમિલી કોર્ટે સંયુક્ત રીતે માસિક રૂપિયા ૮,૫૦૦ ભરણપોષણ મંજુર કર્યું હતું. આ પછી પરિણીતાના પતિ વિવેકએ ભરણપોષણની રકમ



નહીં ચૂકવતા અરજદારે પુનઃ અહીંની ફેમિલી કોર્ટમાં ભરણપોષણ મેળવવા માટેની અરજી કરી હતી.જેમાં અરજદારના પતિએ ચડત ભરણપોષણની રકમ તેણીને નહીં ચૂકવવા બદલ ફેમિલી કોર્ટના જજ અરજદારના પતિ વિવેકને ૫૬૦ દિવસની જેલની સજાનો હુકમ કરી, આ અંગેનું વોરંટ કાઢવાનો હુકમ કર્યો હતો.

# મોરબીમાં ગઈકાલે અચાનક વાતાવરણમા પલ્ટા બાદ મીની વાવાઝોડા સાથે કમોસમી વરસાદ







**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેર તથા આજુબાજુ ગ્રામ્ય પંથકમાં ભારે પવન અને કરા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. જેને કારણે રોડ રસ્તા પર પાણી ભરાયા હતા.કમોસમી વરસાદને કારણે નાના વેપારીઓ, સીઝનના મસાલાના વેપારીઓ તેમજ ખેડૂતોને ભારે નુકશાની આવ્યાની આશંકા સેવાઈ રહી છે.

ત્યારે જોરદા ફુંકાતા પવનમાં અનેક જગ્યાએ વૃક્ષો પાડવાના બનાવ બન્યા હતા. જેમાં એક વૃક્ષ વીજપોલ તથા કાર ઉપર પડવાના બનાવ પણ આવ્યા છે. સદ્નસીબે કોઈ જાનહાની થયાનું સામે આવ્યું નથી.

હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી. તે મુજબ મોરબી સહીત રાજ્યમાં અનેક સ્થળોએ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો આવી જોરદાર પવન સાથે સિઝનનો વરસાદ હોય તેવો મુશળધાર વરસાદ વરસ્યો હતો. ત્યારે મસાલાની સીઝનમાં મરચા અને ગરમ મસાલા લઈને બેઠેલા પાથરણા વાળા ધંધાર્થીઓ પર કમોસમી વરસાદને કારણે અનેક મુશ્કેલીઓ સામે આવી છે. અને નાના ધંધાર્થીઓએ ભારે નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે.

તેમજ નાના ધંધાર્થીઓએ ગરમ મસાલા પર તાલપત્રી ઢાંકી મસાલા બચાવવાનો પ્રયાસ કર્યો હતો. મોરબી વાતાવરણમાં પલટો આવતા કરા સાથે વરસાદ પડ્યો છે. દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે એકદમથી વાતાવરણમાં પલ્ટો આવી ધોધમાર વરસાદ પડ્યો હતો. શરૂઆતમાં વંટોળ વાવાઝોડામાં ધૂળની ડમરીઓ સાથે ભારે પવન ફુંકાતા અનેક જગ્યાએ ઠેર ઠેર વૃક્ષો વીજવાયર પર અને વાહનો પર પડયાના બનાવો સામે આવ્યાં આવ્યા હતા. કમોસમી વરસાદને કારણે હાલ જગતના તાત ઉપર ચિંતાના ઘેરા વાદળો છવાઈ ગયા હતા.

# જામનગરમાંથી ત્રણ મોબાઈલની ચોરી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હાપા માર્કેટ યાર્ડ રોડ પરથી મૂળ કાલાવડ તાલુકાના વડ્ડી ગામના એક દેવીપૂજક શખ્સને પોલીસે ત્રણ ચોરાઉ મોબાઈલ સાથે પકડી પાડી પૂછપરછ હાથ ધરી છે.જામનગરના હાપા યાર્ડ તરફ જવાના રસ્તા પર પેટ્રોલ પંપ પાસે આંટા મારતા એક શખ્સના કબજામાં ચોરાઉ ફોન હોવાની બાતમી સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના હિતેશભાઈ સાગઠીયા, શૈલેષ ઠાકરીયા, કે.પી. જાડેજાને મળતા પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી પીએસઆઈ એમ.એન. રાઠોડના વડપણ હેઠળ પોલીસ ટીમ દોડી ગઈ હતી.તે સ્થળેથી અજય ઉર્ફે ટીપુડો મુકેશભાઈ પરમાર નામનો શખ્સ મળી આવ્યો હતો. તેની તલાશી લેવાતા તેના કબ્જામાંથી વન પ્લસ કંપનીનો એક તેમજ સેમસંગ અને રેડમી કંપનીના બે મળી કુલ રૂ. ૪૮ હજારના ત્રણ મોબાઈલ સાંપડ્યા હતા.આ શખ્સની પૂછપરછ કરાતા તેણે આ ત્રણેય ફોન ચોરી કરીને મેળવ્યાની કબૂલાત કરી છે. પોલીસે મોબાઈલ ઝબ્બે લઈ આરોપીની ધરપકડ કરી છે.



# ગંજીપાનાથી જુગાર રમતી મહિલા સહિત ત્રણને ઝડપી લેતી પોલીસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના બેડીનાકા પાસે ઘોડીપાસા વડે જુગાર રમી રહેલા ત્રણ શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે ગોકુલનગર પાણાખાણમાં તીનપત્તી રમતા એક મહિલા સહિત ત્રણ સામે પોલીસે ગુન્હો નોંધ્યો હતો.જામનગરના બેડીનાકા વિસ્તારમાં જાહેરમાં ઉભા રહી કેટલાક શખ્સો ઘોડીપાસા વડે જુગાર રમી રહ્યા હોવાની બાતમી પરથી સિટી એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફે દરોડો પાડતા ત્યાં ઘોડીના પાસા ફેંકી જુગાર રમતા નિરૂભા શિવુભા જાડેજા, ઇમ્તિયાઝ અલારખા સોરઠીયા, રાજેશ દેવજીભાઈ ચૌહાણ નામના ત્રણ



શખ્સ મળી આવ્યા હતા. પોલીસે રૂ. ૧૧, ૦૩૦ કબ્જે કર્યા છે.જામનગરના ગોકુલનગર વિસ્તારમાં આવેલા પાણાખાણની શેરી નં.૫માં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમાતો હોવાની બાતમી પરથી સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનના સ્ટાફે દરોડો પાડયો હતો. ત્યાં જુગાર રમી રહેલા સતિબેન જગાભાઈ ચાવડા, અજય વિજયભાઈ રાઠોડ, શ્રવણ અશોકભાઈ કુંવરીયા નામના ત્રણ વ્યક્તિ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ. ૬૪૬૦ રોકડા તથા ગંજીપાના કબજે કરી જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# મોરબીમાં તનિષ્ક જવેલર્સના શો રૂમમાં ચકચારી કૌભાંડ આચરનાર ચાર આરોપીને પોલીસે દબોચી લીધા

## મહિલા આરોપી તથા થર્ડ પાર્ટી ઓડિટ કરનાર બે ઓડિટરની અટકની તજવીજ હાથ ધરી છે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં આવેલ તનિષ્ક શોરૂમમાં રૂપિયા ૨.૫૦ કરોડથી વધુના દાગીના બારોબર વેચી મારવાના ચકચારી ઉચાપત પ્રકરણમાં મહિલા સહીત પાંચ આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પોલીસે કુલ ચાર આરોપીઓની ધરપકડ કરી હતી ત્યારે પકડાયેલ ચારેય આરોપીઓને રીમાન્ડની માંગણી સાથે નામદાર કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ચારેય આરોપીઓના સાત દિવસના રીમાન્ડ મંજુર કરાયા હતા. જયારે આ ઉચાપાતમાં આરોપી મહિલા કર્મચારીની અટક કરવા તજવીજ હાથ ધરી છે. આ સમગ્ર કૌભાંડમાં થર્ડ પાર્ટી બે ઓડિટરની પણ સંડોવણી સામે આવી છે ત્યારે તેઓની પણ અટક કરી આગળની તપાસની કામગીરીમાં વધુ કડીઓ



જોડવાની ગતિવિધિ શરૂ કર્યાનું સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

આ કેસની ટૂંક વિગત જોઈએ તો મોરબીમાં તનિષ્ક શોરૂમના ભાગીદાર વિમલભાઇ બાવનજીભાઇ ભાલોડીયાએ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં તનિષ્ક મોરબીના શોરૂમમાં મેનેજરની પોસ્ટ ઉપર કામ કરતા મેનેજર હરીભાઇ જયંતીલાલ ભટ્ટી, બુટિક સેલ્સ ઓફિસર ધવલ અલ્પેશભાઇ પટની, દાગીના રીપેર કરવાની કામગીરી કરતા આશીષ ગુણવંતભાઇ, રિટેઇલ સેલ્સ ઓફિસર ઇરફાન સાદીકભાઇ વડગામા અને ભાવના પ્રેમજીભાઇ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે આ શોરૂમના આરોપી કર્મચારીઓએ સાથે મળી શોરૂમના કુલ ૧૦૪ દાગીનાના ટેગ રાખી બારોબર વેચાણ તથા અમુક દાગીના ઉપર આરોપી મેનેજર હરિભાઈ ભટ્ટી તથા આરોપી સેલ ઓફિસર ઈરફાન દ્વારા મુથુટ ફાઇનાન્સમાં દાગીના ગીરવે મૂકી લોન લઇ લીધી હોય ત્યારે સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થતા આરોપીઓ દ્વારા ૬૭ દાગીના પરત આપ્યા હતા જયારે બાકીના સોનાના દાગીના વેચી બારોબાર વેચી મારતા તમામ આરોપીઓ સામે કુલ કિ.રૂપિયા ૧ કરોડ ૫૬ લાખ ૧૪ હજારની ઉચાપતની ફરિયાદ નોંધાવતા હાલ પોલીસે આ ગુનામાં સંડોવાયેલ પાંચ પૈકી ચાર આરોપીઓની ધરપકડ કરી રીમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે આરોપી મેનેજર હરીભાઇ જયંતીલાલ ભટ્ટી સહિતના ચારેય આરોપીઓને સાત દિવસના રીમાન્ડ ઉપર સોંપવા આદેશ કર્યો હતો.

# જામનગરના યુવા સામાજીક કાર્યકર શક્તિસિંહ જાડેજાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના યુવા સામાજીક કાર્યકર શક્તિસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે . તેઓ ગરીબ અને જરૂરતમંદ લોકોને હોસ્પિટલ તેમજ અન્ય સામાજીક કાર્યોમાં હંમેશા અગ્રેસર રહી નિઃસ્વાર્થ ભાવે સેવા આપે છે . માયાળુ અને હસમુખ સ્વભાવના કારણે તેઓ બહોળુ મિત્ર વર્તુળ ધરાવે છે આજે તેમના જન્મદિવસના શુભઅવસરે તેમને હાર્દિક શુભેચ્છા તેમજ સ્વસ્થ અને દિર્ઘાયુષ્યની શુભકામના પાઠવે છે . તેઓનો મોબાઇલ નં .૯૮૨૪૪ ૫૧૦૭૭ છે



# જામનગરમાં વિદ્યાર્થીઓ માટે સરકારી પોલિટેકનિક દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ધોરણ ૧૦ બાદ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા વિષે સંપૂર્ણ માહિતી અને ડિપ્લોમા ઈજનેરી ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમો વિષે જાણકારી મળી રહે તે હેતુથી કારકિર્દી માર્ગદર્શન વિષય આધારિત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તારીખ ૧૫/૦૫/૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી ૦૧:૩૦ કલાક દરમિયાન સેમિનાર હોલ, ન્યુ બિલ્ડીંગ, સરકારી પોલિટેકનિક, વાલસુરા રોડ, જામનગર ખાતે યોજાશે.કારકિર્દી સેમિનારમાં વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. ઉક્ત સેમિનારમાં જામનગરના મહત્તમ વિદ્યાર્થીઓ સંમિલિત બને અને કરિયર વિષે માર્ગદર્શન મેળવે તેમ આચાર્ય, સરકારી પોલિટેકનિક, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીમાં આલાપ રોડ ઉપર રહેતો યુવાન ફસાયો વ્યાજના વિષચક્રમાં ત્રણ વ્યાજખોર સામે ફરિયાદ નોંધાવી

## ચામડાતોડ વ્યાજની ઉઘરાણી કરી ત્રણ પૈકી એક વ્યાજખોરે બળજબરીપૂર્વક કાર પડાવી લીધી

**મુખ્ય સમાચાર, જામનગર**

મોરબીમાં આલાપ રોડ ઉપર આવેલ અંજલીપાર્કમાં રહેતા યુવાને પ્યુમીકિશનના ધંધામાં આર્થિક જરૂરિયાત ઉભી થતા ઉંચા વ્યાજે રૂપિયા લીધા હોય જે વ્યાજની સમયસર ચુકવણી કરતો હોય ત્યારે તે વ્યાજની ચુકવણી માટે બીજા વ્યાજખોર પાસેથી રૂપિયા વ્યાજે લીધા હતા ત્યારે દર ૧૦ દિવસે ૭૦ હજાર જેટલું વ્યાજ ચૂકતે કરવા માટે ફરી ત્રીજા વ્યાજખોર પાસેથી ઉંચા વ્યાજે રૂપિયા લીધા હતા આમ યુવક વ્યાજના વિષચક્રમાં ફસાયો હતો. ત્યારે ત્રીજા વ્યાજખોરને મૂડી વ્યાજ સહીત ચૂકવી દીધા બાદ પણ વધુ રૂપિયાની લાલચે ધાક ધમકી આપી હજુ વ્યાજ ચૂકવવું પડશે કહી બળજબરીપૂર્વક યુવકની એમજી હેક્ટર કાર પડાવી લીધી હતી તેમજ ત્રણેય વ્યાજખોર દ્વારા ગાળો આપી વ્યાજની ઉઘરાણી કરતા હોય ત્યારે આખરે યુવકે કંટાળી ત્રણેય વ્યાજખોરો સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીઓ સામે ગેરકાયદે નાણા ધીરધાર પ્રતિબંધ અધિનિયમ તથા ધાક ધમકી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મૂળ માણેકવાડા ગામના વતની હાલ મોરબીના આલાપ રોડ અંજલીપાર્ક સોસાયટીમાં રહેતા રવિરાજભાઈ જગદીશભાઈ દેત્રોજા ઉવ.૨૨ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ત્રણ વ્યાજખોર આરોપી ભુપતભાઇ જારીયા રહે. મોરબી આનંદનગર, રાજેશભાઈ બોરીચા રહે. ગજડી ગામ તથા ભરતભાઈ કાનજીભાઈ ચાવડા રહે.મોરબી રવાપર ગામ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે રવિરાજભાઈને પોતાના પ્યુમીકેશનના ધંધા માટે રૂપિયાની જરૂરિયાત હોય જેથી અલગ અલગ સમયે આરોપી ભુપતભાઇ જારીયા, રાજેશભાઈ બોરીચા તથા આરોપી ભરતભાઈ ચાવડા પાસેથી ઉંચા વ્યાજે રૂ.૧૨ લાખ લીધા હતા જે રૂપિયાનું રવિરાજભાઈ દર દસ દિવસે રૂ.૧,૧૦,૦૦૦/-વ્યાજની ચુકવણી કરતા હોય ત્યારે વ્યાજે રૂપિયાના બદલામાં રવિરાજભાઈ પાસેથી અલગ અલગ બેન્કના સાઈન કરેલા કોરા ચેક તથા નોટરીનું લખાણ બળજબરી પુર્વક લખાવી લઇ વ્યાજની ઉઘરાણી કરતા હોય ત્યારે આરોપી ભરતભાઈ ચાવડાને મૂડીના રૂપિયા વ્યાજ સહીત પરત આપી દીધેલ હોવા છતાં રવિરાજભાઈની એમ.જી એકટર કાર રજી.નં.જીજે-૩૬-છ-૨૨૨૨ વાળી બળજબરી પુર્વક પડાવી લઇ બેફામ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય ત્યારે રવિરાજભાઈ દ્વારા વ્યાજની પઠાણી ઉઘરાણી તેમજ રૂપિયા આપી દીધા હોવા છતાં વધુ રૂપિયાની લાલચે ઉઘરાણી સતત ચાલુ રાખતા ત્રણેય આરોપીઓ સામે એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# વાંકાનેરના જીનપરા નજીક જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પાંચ ઈસમો ઝબ્બે

**મુખ્ય સમાચાર, જામનગર**

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસ ટીમ જીનપરા જકાતનાકા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે મળેલ બાતમીને આધારે જીનપરા નજીક ચોકમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં તીનપત્તીનો જુગારની મજા માણી રહેલા જનકભાઈ પરશોતમભાઈ બાવળીયા ઉવ.૩૭ રહે.વાંકાનેર જીનપરા



શેરી નં.૧૨, સુનીલભાઈ રમેશભાઈ રાણેવાડીયા ઉવ.૨૦ રહે.વાંકાનેર જીનપરા શેરી નં.૧૨, રફીકભાઈ જુમાભાઈ કુરેશી ઉવ.૨૨ રહે.વાંકાનેર જીનપરા શેરી નં.૧૦, રમેશભાઈ રામજીભાઈ ડાભી ઉવ.૩૪ રહે.વાંકાનેર જીનપરા શેરી નં. ૧૨, હુશેનભાઈ વલીમામદભાઈ સેખાણી ઉવ.૩૬ રહે.વાંકાનેર જીનપરા શેરી નં.૦૨ને રંગેહાથ ઝડપી લેવાયા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧૨,૧૦૦/- કબ્જે કરી પકડાયેલ તમામ આરોપીઓ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઉનાળાના આકરા તાપને લઈ પાણીનું પરબ શરૂ કરાયું



**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલા શહેરમાં સરકારી હોસ્પિટલ બહાર ઉનાળાની કાળજાળ ગરમીમાં અવરજવર કરતા લોકોને પીવાનુ પાણી મળી રહે તે માટે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પાણીનું પરબ ચાલુ કરવામાં આવ્યું છે. આ તકે વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઇ ચાંદુ, બજરંગ દળ પ્રમુખ ગૌરાંગભાઇ મહેતા, ચિરાગભાઈ જોશી, જયરાજભાઈ ધાખડા, કેતનભાઇ દવે, હિતેશભાઈ કાતરીયા સહિત રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ સમગ્ર ટીમ સહભાગી બની હતી

# જામનગરની જી. જી. હોસ્પિટલમાં આંતરરાષ્ટ્રીય નર્સિંગ દિવસની ઉજવણી કરાઇ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં આંતરરાસ્ટ્રીય નર્સિસ દિવસ ૨૦૨૪'સ્ત્ર ના ઉપક્રમે ટી. એન.એ.આઈ લોકલ બ્રાન્ચ, જી જી સરકારી હોસ્પિટલ, જામનગર દ્વારા જામનગર જિલ્લા ખાતેની વિવિધ આરોગ્ય સંસ્થાઓ ખાતેથી વર્ષ-૨૦૨૩-૨૪ માં વય નિવૃત થયેલ નર્સિંગ કર્મચારી.અધિકારીઓના અને સરકારી નર્સિંગ કોલેજ જામનગર અને એ.એન.એમ તાલીમશાળા અલિયાબાળા, જી જામનગરના વર્ષ-૨૦૨૩/૨૪ ના અલગ અલગ નર્સિંગ અભ્યાસક્રમોના તેજસ્વી નર્સિંગ વિધ્યાર્થીઓના સન્માન સમારોહ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ડો. નંદિની દેસાઇ ડીન એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ, ડો. પ્રમોદ સકશેના આર. એમ.ઓ ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ, જિતેન્દ્ર ચૌહાણ પ્રિન્સિપાલ, સરકારી નર્સિંગ કોલેજ, રેણુકા પરમાર ઇન્ચાર્જ નર્સિંગ અધિક્ષક ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ, ધર્મેન્દ્ર રાવલ પૂર્વ કારોબારી સભ્ય અને એડવાઈજર ટી.એન.એ.આઈ લોકલ બ્રાન્ચ, જામનગર ટ્વિંકલ ગોહેલ વાઇસ પ્રેસિડેન્ટ ટી.એન.એ.આઈ ગુજરાત રાજ્ય બ્રાંચ ની તેમજ ખાનગી નર્સિંગ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટીશ્રીઓ.પ્રતિનિધિઓ, નર્સિંગ પરિવાર જામનગર, વિધ્યાર્થીગણ, નર્સિંગ શૈક્ષણિક ફેકલ્ટી, વગેરેની હાજરીમાં સફળતાપૂર્વક નર્સિસ દિવસની ઉજવણી કરવામાં આવેલ. આમંત્રિત મહેમાનો દ્વારા કેક કટિંગ કરવામાં આવેલ, તેમજ સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવેલ.

નર્સિંગ વિધ્યાર્થીઓ, નર્સિંગ કર્મચારીઓ અને પરિવારના સભ્યોએ નૃત્ય,ગાયન, વાજિત્ર વાદન, સ્પીચ જેવા સાંસ્કૃતિક પર્ફોમન્સ આપી એક સંગીતમય સાંજનો આનંદ નર્સિંગ કર્મચારીઓએ લીધેલ. ખાનગી ડાન્સ એકેડેમી, જામનગરના માધવ પંડયા અને સંગીતા શાહ દ્વારા જજિંગ કરી આ પર્ફોમનસીસ માંથી બેસ્ટ સ્પર્ધક તરીકે બેસ્ટ સોલો અને બેસ્ટ ગ્રુપ એમ ઇનામો આપવામાં આવેલ.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT


# આકરા તાપ વચ્ચે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના વાતાવરણમાં પલ્ટો

## અનેક સ્થળો પર ભારે ખાનાખરાબીઃ મસાલા માર્કેટના મંડપો ઉડયાઃ પાકને નુકસાન





(તસ્વીરઃ આનંદ જાવિયા)



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં સોમવારે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. છેલ્લા ત્રણ દિવસથી પારો ક્રમશઃ વધી રહ્યો છે અને સોમવારે આકરો તાપ પડતા લોકો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. જોકે સાંજે ૬ વાગતા જ હવામાન પલટો થયો હતો અને વાદળો છવાયા હતા અને ઠંડો પવન શરૂ થયો હતો. આ કારણે પારો ગગડીને ૩૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો. જેથી લોકોએ રાહત અનુભવી હતી. ગઈકાલે રાત્રીના ધુળની ડમરી સાથે વાવાઝોડુ ઉપડતાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક સ્થળો પર હોર્ડિંગ્ઝ પડયા હતાં જેના પરિણામે ભારે ખાનાખરાબી થઈ હતી. વધુમાં શહેરમાં અનેક સ્થળોએ ચાલી રહેલી મસાલા માર્કેટના મંડપો પણ ઉડતા મસાલા બગડયા હતાં.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે દરિયાકાંઠાના વિસ્તારમાં વરસાદ શરૂ થયો છે. દક્ષિણ ગુજરાતમાં પણ આ જ સ્થિતિ જોવા મળી છે. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને રાજકોટ સહિતના વિસ્તારોમાં જોકે ગરમીમાં રાહતના એંધાણ નથી ફક્ત વાદળછાયું વાતાવરણ રહે તેવી શક્યતા છે. સોમવારે આકરો તાપ પડ્યો અને બાદમાં સાંજે પવને દિશા બદલતા પશ્ચિમી પવનોએ ઠંડક લાવી હતી. પવનની ગતિ ૧૨ કિ.મી. પ્રતિકલાક હતી પણ સાંજે તે વધીને ૨૦ કિ.મી. સુધી પહોંચી હતી. સોમવારે વાતાવરણ જેવું રહ્યું તેવું જ હવામાન આખું સપ્તાહ રહેવાનું છે. મહત્તમ તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જાય અને બાદમાં સાંજના સમયે વાદળો છવાય અને ઠંડો પવન શરૂ થાય તેમજ છૂટો છવાયો વરસાદ પડે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

સોમવારે સાંજે વાતાવરણમા પલટો આવતા રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયા બાદ છાંટા પડ્યા હતા પણ શહેરની ભાગોળે મેટોડામાં વરસાદ શરૂ થયો હતો. વરસાદને કારણે રસ્તાઓ ભીના થઈ ગયા હતા. આકરા તાપમાં અત્યાર સુધી શેકાયા બાદ ઔદ્યોગિક વિસ્તારમાં વરસાદ પડતા પહેલા ઠંડક પ્રસરાઈ હતી પણ બાદમાં હવામાં ભેજનું પ્રમાણ વધતા બફારો અનુભવાયો હતો.

# મંછાનગરનો યુવાન આઈ.ટી.આઈ.માં બેભાન થઈ જતા મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં માર્કેટિંગ યાર્ડ પાસેના મંછાનગરમાં રહેતા અને આઈટીઆઈ કરતા યુવાનનું પેટનો દુઃખાવો ઉપડયા બાદ બેભાન હાલતમાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં માર્કેટિંગ યાર્ડ પાસેના મંછાનગરમાં રહેતો ચિરાગ ધર્મેશભાઈ મકવાણા નામનો ૧૮ વર્ષનો યુવાન પોતાના ઘેર હતો ત્યારે બપોરના દોઢેક વાગ્યાના અરસામાં પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. યુવાનને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં



ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ યુવકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. યુવકના મોતથી પરિવારમાં અરેરાટી સાથે કરૂણ કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના પ્રાથમિક પૂછપરછમાં મૃતક ચિરાગ મકવાણા ઐકની એક બહેનનો એકનો એક ભાઈ હતો અને આઈટીઆઈ કરતો હતો. ચિરાગ મકવાણાનું પેટમાં દુખાવો ઉપડ્યા બાદ બેભાન હાલતમાં મોત નીપજ્યુ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે યુવકના મોતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસિપટલ ખાતે દોડી ગયો હતો પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મેડિકલ કોલેજ ખાતે ખસેડ્યો હતો.

# ધોરાજીમાં અંધશ્રધ્ધાનો વરવો કિસ્સોઃ યુવાને મંદિરની કટાર પેટમાં મારી આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજીના શાકમાર્કેટ લાલસાહ બાપુની દરગાહ પાસે રાવલપામાં રહેતા યુવાને માતાજીની મંજૂરી માગીને કટારી વડે પોતાના પેટમાં ઘા મારીને આપઘાત કરી લીધો હતો. મૃતકને બે સંતાન છે. બેકારીના કારણે આપઘાત કર્યાનું પોલીસનું અનુમાન છે.

ધોરાજીના જન્માષ્ટમી મેળા ગ્રાઉન્ડ લાલસા બાપુની દરગાહ પાસે રાવલપામાં રહેતા ભદ્રેશ જયંતીભાઈ નકુમ ઉંમર વર્ષ ૩૫ નામના પરિણીત યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતે બહાર હોય અને સવારના સમયે ફરી ઘરે આવ્યો અને ઘરે તેમના માતાજીના મંદિર પાસે ઉભો રહી માતાજી પાસે આપઘાત કરવાની મંજૂરી માગી અને માતાજીની મંદિરમાં રહેલ કટારી લઈને તેના પેટમાં કટારીનો ઘા મારીને આત્મહત્યા કરી લીધી હતી. પેટમાં આતરડા બહાર નીકળી ગયા હતા અને જેની જાણ તેના પિતાને થતા જેન્તીભાઈ નકુમ તાત્કાલિક ધોરાજી ખાનગી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા અને ત્યાં તબીબો એ મૃત જાહેર કરતા ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડયો હતો.

# એસઆરપી કેમ્પ પાસે વર્ધમાન ગ્રીનમાં પ્રેમિકા સાથે ઝઘડો થતા પ્રેમીનો આપઘાત

## ઉદયનગરનો યુવાન બે સંતાનની માતા સાથે મૈત્રી કરારથી રહેતો હતોઃ પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં મૈત્રી કરારથી સાથે રહેતા પરિણીત પ્રેમી પંખીડા વચ્ચે ઝઘડો થતા પ્રેમી યુવાને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં જામનગર રોડ ઉપર એસઆરપી કેમ્પ સામે આવેલ વર્ધમાન ગ્રીનમાં રહેતા રવિ રમેશભાઈ પરમાર નામનો ૨૭ વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે ગળેફાંસો ખાઈ લીધો હતો. રવિ પરમારને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે સિવિલ



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં રવિ પરમાર બે ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતો અને પરિણીત હતો. રમેશ પરમારના માતા પિતા મવડી વિસ્તારમાં આવેલા ઉદયનગરમાં રહે છે. રવિ પરમારને સીમરન નામની બે સંતાનની માતા સાથે આંખ મળી જતા છેલ્લા છએક મહિનાથી મૈત્રી કરાર કરી સાથે રહે છે. રવિ પરમાર પત્નીની આંખની સારવાર માટે અમદાવાદ ગયો હતો જે બાબતે રવિ પરમાર અને સિમરન વચ્ચે રકઝક થતા રવિ પરમારે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના યુવા ભાજપ પ્રમુખના ભાઈનું સાયલા પાસે ઈકો કારની ઠોકરે મોત

## વાપી ખાતે મોટા બાપુના ઘરે વાસ્તુ પ્રસંગમાં જતા હતા ત્યારે કાળ આંબી જતા પરિવારમાં ઘેરો શોક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર હિટ એન્ડ રનની ઘટના બની છે.જેમાં રાજકોટ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશાન ટીલવાનાં ભાઈનું મૃત્યુ નિપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. મૃતક વાપી ખાતે મોટાબાપુના મકાનના વાસ્તુના શુભ પ્રસંગમાં હાજરી આપવા બસમાં જતાં હતા ત્યારે સાયલા પાસે લઘુશંકા કરવા જતાં રોંગ સાઈડમાં



આવતી ઈકોએ ઠોકરે લીધા હતા.

આ અંગેની માહિતી મુજબ રાજકોટ ભાજપ યુવા મોરચાના પ્રમુખના ભાઈ હિતેન જયસુખભાઈ ટીલવા(રહે. મવડી વિસ્તાર)વાપી ખાનગી બસમાં જતા હતા ત્યારે ચોટીલાના સાયલા પાસે બસને ઉભી રાખવામાં આવી હતી.અને હિતેનભાઈ રસ્તો ઓળંગી સામેની બાજુ લઘુ શંકા કરવા જતા હતા. ત્યારે રોંગ સાઈડમાં આવતી ઈકો ગાડીના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ડિવાઈડર કૂદી હિતેનભાઈને હડફેટે લીધા હત.અને હિતેનભાઈને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજા સારવારમાં ખસેડવામાં આવ્યા હતા અને જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.જ્યારે અકસ્માત સર્જી ઈકો કારનો ચાલક કાર રેઢી મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.વધુ મળતી માહિતી મુજબ તેમના મોટાભાઈ હિતેનભાઈ વાપીમાં મોટાબાપુના મકાનના વાસ્તુ પ્રસંગે ખાનગી બસમાં હાજરી આપવા જતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો. હિતેનભાઈ બે ભાઈમાં મોટા હતા.હાલ તેમના મોતથી પરિવાર કલ્પાંત છવાયો છે.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઇવનિંગ પોસ્ટ માં તા.૧૫/૦૫/૨૪ ને બુધવારનાં રોજ ૫:૩૦ કલાકે સુરસંગમ મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા વન મેન શો દ્વારા સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવેલ છે. તેમજ તા.૧૬/૦૫/૨૪ ને ગુરૂવાર ના રોજ ૫:૩૦ કલાકે કરાઓકે ગ્રુપ દ્વારા સંગીતસંધ્યા નું આયોજન કરવામાં આવેલ છે. અને તા.૧૭/૦૫/૨૪ ને શુક્રવાર ના રોજ ૫:૩૦ કલાકે મુકેશ ફેન કલબ દ્વારા સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવેલ છે તા.૧૮/૦૫/૨૪ ને શનિવાર ના રોજ ૫:૩૦ કલાકે સુરીલી સાંજ દ્વારા સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવેલ છે અને તા.૧૯/૦૫/૨૪ ને રવિવાર ના રોજ ૫:૩૦ કલાકે દિલસુંદર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા સંગીત સંધ્યા નું આયોજન કરવામાં આવેલ છે .તો તમામ સરગમ કલબના ઇવનિંગ પોસ્ટના સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઇવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, સુરેશભાઈ વ્યાસ, જગદીશભાઈ સુરાણી, મનસુખભાઈ વાવેચા, અને મુકેશભાઈ માહી, દિલીપભાઈ સોની વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ધો.૧૦ની પરીક્ષામાં ૯૪.૪૬ પી.આર. મેળવી મુસ્લિમ સમાજનું ગૌરવ વધારતી તસ્કીના લીંગડીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ધોરણ-૧૦ માં ઉત્કર્ષ સ્કુલમાં અભ્યાસ કરતી તસ્કીના લીંગડીયા એ ૯૪.૪૬ પી.આર. મેળવી મુસ્લીમ સમાજ તથા લીંગડીયા પરીવારનું ગૌરવ વધારેલ છે. ધાંચી-પીંજારા પરિવારમાંથી આવતી અને રેવન્યુ કન્સલ્ટન્ટ (રેવન્યુ પ્રેકટીસ) નાં વ્યવસાથ સાથે સંકળાયેલ ઈકબાલ લીંગડીયા ની પુત્રી તથા યુવા એડવોકેટ હુસેન હેરંજા ની બહેન તસ્કીના લીંગડીયા એ ધોરણ-૧૦ માં ઉત્તીર્ણ થઈ લીંગડીયા પરીવાર તથા ઉત્કર્ષ સ્કુલનું ગૌરવ વધારેલ છે. વધુમાં તસ્કીના લીંગડીયા એ જણાવેલ કે, મારે એમ.બી.બી.એસ. ની પરીક્ષા પાસ કરીને ડોકટર બનવું છે. આ મારૂ સપનુ સખ્ત મહેનત ધ્વારા હું સાકાર કરીશ. મારી આ સફળતામાં મારી ઉત્કર્ષ સ્કુલનાં તમામ ટીચર્સ તથા મારા પિતા અને ભાઈ ની મહેનત અને સતત ૮ થી ૧૦ કલાકનાં વાંચનએ મને આ હરણફાળ સફળતા અપાવેલ છે.

# કાલાવડનાં નિકાવા ગામે મિત્રો સાથે તળાવમાં ન્હાવા પડેલા માટીયા હાટીનાનાં યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી એક ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી રહેલા સાત જેટલા કર્મચારીઓ પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડ્યા હતા. જ્યાં ડૂબી જવાના કારણે જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના ગામના એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે.જેની સાથે ન્હાવા પડેલા અન્ય મિત્રોએ બચાવવાના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ બચાવી શક્યા ન હતા.

# બાલાચડી સૈનિક સ્કૂલના બેન્ડ માસ્તર દ્વારા વિદ્યાર્થીઓ સાથે શારીરિક અડપલા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા પંથકમાં આવેલી બાલાચાડી સૈનિક સ્કૂલમાં રહીને અભ્યાસ કરતા ૧૨ વર્ષે બે બાળ વિદ્યાર્થીઓ સાથે શારીરિક અડપલા થયાનો મામલો સામે આવ્યો છે, અને સૈનિક સ્કૂલના બેન્ડ માસ્ટર ની લંપટલીલા પોલીસ મથક સુધી પહોંચતાં ભારે ચકચાર જાગી છે. પોલીસે લંપટ બેન્ડ માસ્ટર સામે બાળકોની જાતીય સતામણી સહિતની જુદી જુદી કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરના જોડીયા પંથકમાં બાલાચડી નજીક આવેલી સૈનિક સ્કૂલ કે જેમાં ૧૨ વર્ષની ઉંમરના બે બાળ વિદ્યાર્થીઓ ત્યાં જ રહીને અભ્યાસ કરે




છે, તેની સાથે સૈનિક સ્કૂલના બેન્ડ માસ્ટર મૂળ રાજસ્થાનના જોધપુરના વતની પવન કુમાર જગદીશ કુમાર ડાંગી એ અજુગતું વર્તન કર્યું હોવાનો મામલો સૈનિક સ્કૂલ ના પ્રિન્સિપાલ સુધી પહોંચ્યો હતો .લંપટ બેડ માસ્ટરે બંને બાળ વિદ્યાર્થીઓ સાથે ગત ૭.૫.૨૦૨૪ થી ૧૨.૫.૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન શારીરિક અડપલા કર્યા હોવાની અને બાળકોની જાતીય સતામણી કરી હોવાની ફરિયાદ સ્કૂલના આચાર્યને મળી હતી. જેથી સૈનિક સ્કૂલના આચાર્ય નીતિનભાઈ મહેતા દ્વારા સમગ્ર મામલાને જોડિયા પોલીસમાં મથકમાં લઈ જવાયો હતો, અને લંપટ બેન્ડ માસ્ટર પવન કુમાર જગદીશ કુમાર ડાંગી સામે ફરિયાદ નોંધાવતાં જોડિયા પોલીસે આઇપીસી કલમ ૫૦૪, ૫૦૬-૨ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ ૨૦૧૨ ની કલમ -૮ મુજબ ગુનો નોંધ્યો છે. આ બનાવને લઈને સ્કૂલ વર્તુળમાં અને તેમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલીઓમાં ભારે ચકચાર જાગી છે.

# રાજકોટ શહેરમાં હથીયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર સલામતી અને કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે મા.ટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.એ.ગાંધીએ રાજકોટ શહેર, ગ્રામ્ય અને પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ૩૧/૦૫/૨૦૨૪ સુધી નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવી છે.

હથિયાર, તલવાર, ભાલા, બંદુક, છરી, લાકડી કે લાઠી, શસ્ત્રો, સળગતી મશાલ, બીજા હથિયારો કે જેના વડે શારીરિક ઇજા કરી શકાય તે સાથે રાખી ફરવા પર, પથ્થરો અથવા ફેકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તેવી વસ્તુઓ ફેકવા પર કે ધકેલવા પર અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા અથવા તૈયાર કરવા પર, મનુષ્યો અથવા પુતળા બાળવા તથા ફાસી આપવા પર, પ્રાઇવેટ સિકયુરટીના સંચાલક કે કર્મચારીએ પોતાની ફરજ સિવાયના સમયે હથીયાર રાખવા પર અથવા બીજા કોઇ સ્ફોટક પદાર્થો લઇ જવા પર, અથવા જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમો પડવા ગીતોગાવા કે વાદ્યો વગાડવા પર ચાઇનીઝ ચપુઓ સાથે રાખવા તથા વેંચાણા કરવા ઉપર પ્રતિબંધ મૂકયો છે. પોલીસ કમિશનરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તાર પર આ પ્રતિબંધ લાગુ પડશે. આ પ્રતિબંધ અધિકૃત પરવાનગી ધરાવનારાઓને લાગુ નહિ પડે. અન્યો સામે પ્રતિબંધનો ભંગ થયેથી શિક્ષાત્મક પગલા લેવાશે.

# અપહરણ થયેલ સગીરની ભાળ આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના સુનિલભાઈ થાપા (ઉ. વ. ૮ ) નું અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી ગત તા.૧૧ ફેબ્રુઆરીના રોજ સાંજે ૭:૦૦ કલાકે મોચીબજાર, ભાગ્યોદય બરફના કારખાના નજીક રાજકોટ ખાતેથી અપહરણ કરી ગયેલ છે. અપહરણનો ભોગ બનનાર બાળક વાને શ્યામવર્ણ તથા મોઢું લંબગોળ કાળા કલરનું ટી - શર્ટ તથા કાળા કલરનું જીન્સનું પેન્ટ પહેરેલ છે. ઉપરાંત ડાબા ગાલ પર જૂનું વાગેલાનું નિશાન છે અને આગળનો દાંત પડી ગયેલ છે. જો કોઈને બાળક અંગે જાણ થાય તો એ-ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ધોરણ ૧૨ ની પરીક્ષામાં ૯૭.૩૪ પી.આર મેળવતો આર્ય મહેતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



તાજેતરમાં જાહેર થયેલા ધોરણ ૧૨ સાયન્સના પરિણામમાં મોદી સ્કૂલના હોનહાર વિદ્યાર્થી આર્ય હિમાંશુભાઈ મહેતાએ ૯૭.૩૪ પીઆર મેળવી મહેતા પરિવારનું ગૌરવ વધારેલ છે લોઅર કેજીથી જ ભણવામાં હોશિયાર એવા આર્યએ ધોરણ ૧૦ ની પરીક્ષામાં પણ ઉચ પીઆર મેળવેલ હતો પોતાની આ સફળતા બદલ તેનો સમગ્ર યસ પોતાના માતા કૃતિબેન તેમજ પિતા હિમાંશુભાઈ અને શાળાના ગુરૂજનોને આપ્યો હતો આર્યને સાયન્સના તમામ વિષયમાં ઉચ્ચ ગુણ પ્રાપ્ત થયેલ છે નીટની પરીક્ષામાં પણ સુંદર પરિણામ મેળવી તબીબ બનવાની ઈચ્છા રાખતા આર્યને લાખેણી શુભકામના ભવિષ્યમાં પણ આ જ રીતે પ્રગતિ કરે

# બાગાયતી ખેતી કરતા ખેડૂતોને સહાય મેળવા માટે જરૂરી દસ્તાવેજો જમા કરાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વર્ષ ૨૦૨૪-૨૫ ની વિવિધ ખેડૂતલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે ઓનલાઇન અરજી માટેનુ આઇ ખેડૂત પોર્ટલ તા.૧૨/૦૩/૨૦૨૪ થી તા.૧૧/૦૫/૨૦૨૪ સુધી ખોલવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોએ વિવિધ ઘટકોમાં સહાય લેવા માટે અરજી કરેલ હોય તે ખેડૂતમિત્રોએ અરજીની પ્રિન્ટ નકલ સાથે જરૂરી કાગળો (નવા ૭-૧૨, ૮-અ, આધારકાર્ડ નકલ, બેંક પાસબૂક નકલ અને રદ કરેલ ચેક, જે તે ઘટક માટે ભાગાયત વાવેતર ની પાણી પત્રક (૧૨ નંબર)માં પાકી નોંધ, જાતિનું પ્રમાણપત્ર, ક્વોટેશન એમ્પેનલ્ડ કંપનીનું, ટપકનો ટ્રાયલ રન રિપોર્ટ વગેરે) મોકલવાના રહેશે.

ઓનલાઇન અરજી કરેલ લાભ મેળવવા ઈચ્છતા બાગાયતદાર ખેડૂતોએ જરૂરી સાધનિક કાગળો સાથેની અરજીની નકલ રૂબરૂ કે ટપાલથી નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, ૨/૩ જીલ્લા સેવા સદન-૩, સરકારી પ્રેસની બાજુમા, રાજકોટ સરનામે તા. ૨૦-૦૫-૨૦૨૪ સુધીમાં જમા કરવાના રહેશે. કચેરીનો સંપર્ક ૦૨૮૧-૨૪૪૫૫૧૭ ઉપર કરી શકાશે. સમયમર્યાદા પછી મળેલ દરખાસ્ત ધ્યાને લેવાશે નહી. તેમ નાયબ બાગાયત નિયામકશ્રી, રાજકોટ દ્વારા જણાવાયું છે.

# વરસાદની આગાહી સંદર્ભે રાજકોટ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતોને તકેદારીના પગલાં લેવા અનુરોધ

## તૈયાર પાકો ઉતારી સલામત સ્થળે ખસેડી લેવા, ખાતરો-જંતુનાશક દવાઓનો ઉપયોગ ટાળવો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં હવામાન વિભાગ દ્વારા વરસાદ અને વાદળછાયા વાતાવરણની આગાહી કરવામાં આવી છે. જેને અનુલક્ષીને રાજકોટ જિલ્લાના નાયબ બાગાયત નિયામકશ્રીએ બાગાયતી પાકોની ખેતી કરતા ખેડૂતોને તકેદારી રાખવા અનુરોધ કર્યો છે.

જે પ્રમાણે, પાકના રક્ષણ માટે તકેદારીના ભાગરૂપે ખેતરમાં તૈયાર થયેલા ફળ, શાકભાજી અને મસાલા પાક સહિતના બાગાયતી પાકો ઉતારી લેવા. ઉપરાંત તૈયાર ખેત પેદાશો સલામત સ્થળે ખસેડી લેવા અથવા પ્લાટીક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.

આ ઉપરાંત કોઈપણ રાસાયણિક/સેન્દ્રીય ખાતરો કે હોર્મોન્સ અને જંતુનાશક દવાઓનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો. વાદળછાયું વાતાવરણ અથવા વરસાદ પછી તાત્કાલીક ભૂકી છારા જેવા રોગ લાગવાની શક્યતાઓ રહેલી છે. જેના નિયંત્રણ માટે ફિલ્ડમાં અવલોકન કરતા રહેવું અને જરૂર જણાયે કૃષિ યુનિવર્સિટીની ભલામણ મુજબ રોગ-જીવાત નિયંત્રણના યોગ્ય પગલા લેવા જણાવવામાં આવે છે.

# સુરેન્દ્રનગરમાં ભરવાડ યુવાન પર ધોળા દિવસે ફાયરીંગ કરનાર બે ઝડપાયા

## પોલીસે રાજવર પાસેથી દબોચી લઈ પિસ્તોલ અને બે બાઈકો કબ્જે કર્યા



**મુખ્ય સમાચાર, વઢવાણ**

સુરેન્દ્રનગર શહેરના જુની હાઉસીંગ વિસ્તારમાં ગત તા. ૯મી મેના રોજ બપોરના સમયે જુના મનદુ:ખ બાબતે ફાયરીંગનો બનાવ બન્યો હતો.જેમાં એક વ્યક્તિને ખભાના ભાગે ઇજા થઇ હતી. આ બનાવની શહેરના બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે પોલીસે આ કેસના બે આરોપીઓને રાજપર કેનાલ પાસેથી ગુનામાં વપરાયેલ પીસ્તોલ અને બે બાઇક સાથે ઝડપી લીધા છે.

સુરેન્દ્રનગરમાં તા. ૯મીના રોજ બપોરના સમયે જુની હાઉસીંગ વિસ્તારમાં ફાયરીંગનો બનાવ બન્યો હતો. કુંભારપરામાં રહેતા કાળુભાઈ મયાભાઈ ભરવાડ જુની હાઉસીંગ વિસ્તારમાં આવેલ શાળા પાસેથી પસાર થતા હતા. ત્યારે અગાઉના મનદુ:ખને લઇને કલ્પેશ રબારી અને અન્ય એક અજાણ્યા શખ્સે બાઇક પર આવી તેમના પર ફાયરીંગ કર્યુ હતુ.

જેમાં ખભાના ભાગે કાળુભાઈને ઇજા થતા સારવાર માટે દવાખાને લઇ જવાયા હતા. આ બનાવમાં કલ્પેશ રબારી અને એક અજાણ્યા શખ્સ સામે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ હતી. મુખ્ય આરોપી કલ્પેશ રબારી મુળ બાળા ગામનો હોવાથી તે દિશામાં પીએસઆઈ એસ.પી.ઝાલા, દિલીપભાઈ, દિનેશભાઈ, અજીતસીંહ સહિતનાઓ તપાસ કરી રહ્યા હતા. ત્યારે કલ્પેશ રબારી રાજપર કેનાલ પાસે હોવાની જાણ થતા જ પોલીસે વોચ રાખી હતી. અને માનવ મંદિર રોડ પર રહેતો કલ્પેશ રબારી તથા ૮૦ ફુટ રોડ પર રહેતા મેલાભાઈ અરજણભાઈ કલોતરાને ઝડપી લીધા હતા. બન્ને શખ્સોને ગુનામાં વપરાયેલ પીસ્તોલ અને બે બાઇક સાથે ઝડપી લઇ વધુ કાર્યવાહી હાથ ધરાઈ છે. પોલીસની પ્રાથમીક તપાસમાં સહ આરોપી મેલાભાઇ કલોતરા સામે બી ડીવીઝન, મૂળી અને પાણશીણા પોલીસ મથકે મારામારી, ધમકી આપવી અને પ્રોહીબીશનના ગુના નોંધાયા હોવાનું સામે આવ્યુ છે.

# સણોસરા ગામે દુકાનમાં ઘુસી યુવાન પર ખુની હુમલો કરનાર તાલુકા પંચાયત પ્રમુખ અને એસપીજીના સભ્ય સહિત ચાર સામે ફરિયાદ

## મારામારીના પુરાવા હોવા છતાં પોલીસે ગુનો નહીં નોંધતા કોર્ટમાં ફરિયાદ દાખલ કરાઈ હતી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

સણોસરા ગામે ગત તા.૧૭ માર્ચના રોજ એક યુવાનને માર મારતો હોવાનો વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. આ ઘટનામાં કુવાડવા પોલીસ મથકમાં ચાર શખ્સો વિરૂધ્ધ અરજી કરવામાં આવી હતી. બનાવમાં આરોપી ચેતન કથીરિયા તાલુકા પંચાયતનો પ્રમુખ હોય તેમજ જસ્મીન પીપળીયા એસપીજીમાં હોય જેથી પોલીસે પગલાં લીધા ન હતાં અને બન્ને પક્ષે સમાધાનની વાતો ચાલતી હતી ત્યારે આ બનાવમાં સમાધાન ન થતાં મુસ્લીમ યુવાને કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેથી કોર્ટે તા.૨૬ એપ્રિલના રોજ ફરિયાદ કરવા પોલીસને આદેશ કરતાં અંતે યુવકને ફરિયાદ લઈ ગુનો નોંધ્યો હતો.

આ બનાવમાં મુસ્લિમ યુવકને જુના ઝઘડાનો ખાર રાખી અને હોર્ન વગાડવા મામલે ઝઘડો કરી ચાર શખ્સોએ ધોકા-પાઈપ વડે હુમલો કરી પગ ભાંગી નાખયા હતાં.

બનાવની વિગતો મુજબ, સણોસરા ગામે રહેતા અને ખેતીકામ કરતા ઈલ્યાસભાઈ રહીમભાઈ ફોરસીયા (ઉ.વ.૪૦)એ રવિચંદુ કથિરિયા, ચેતન ચંદુ, એજાજ હુશેનભાઈ ભુંવર અને જસ્મીન પીપળીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ મામલે ઈલ્યાસભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગઈ તા.૧૭/ ૩ ના રોજ વાડીએ ગયા હતા. હોય જેથી દવા છાંટવાની હોય માટે સાથે કામ કરતો મુકેશ ગામમાં કે.જી એન એગ્રો નામે દુકાને ગયા હતાં. ત્યાં ગામના ચેતન અને રવિ દુકાને આવ્યાં અને ગાળો બોલવા લાગ્યાં હતાં. તેમજ તુ શેરીમાં હોર્ન ર્ન બહુવગાડે છે. કહી ૧ ધોકા-પાઈપ વડે હુમલો કર્યો હતો. તેમજ આરોપીઓ કહેતા હતા કે આજે તને મારી જ નાખવો છે. આ બનાવમાં એજાજ પણ ત્યાં આવ્યો હતો અને ગાળો આપતો હતો. આરોપી જસ્મીને પણ પગથી પાટા માર્યા હતાં. તેવામાં માણસો એકઠા થઈ જતાં આરોપીઓ ત્યાંથી ભાંગી ગયા હતાં. આ બનાવ અંગે કુવાડવા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ સમગ્ર ઘટના અંગે જાણવા મળ્યું હતું કે આરોપી તરીકે રહેલો ચેતન કીરિયા તાલુકા પંચાયત પ્રમુખ હોય તેમજ જસ્મીન પીપળીયા એસપીજીમાં હોવાથી આ મામલે પોલીસે કોઈ નક્કર પગલાં લીધા ન હતાં અને બન્ને પક્ષ વચ્ચે સમાધાનની વાતો થતી હતી તેવામાં સમાધાન ન થતાં ફરિયાદી ઈસ્માઈલભાઈ તા.૯ એપ્રિલના રોજ કોર્ટમાં ફરિયાદ કરી હતી. ત્યારબાદ કોર્ટે પુરાવાઓ ધ્યાને રાખી તા.૨૬- ૪નાં રોજ ચારેય આરોપીઓ વિરૂધધ ગુનો નોંધવા પોલીસને આદેશ કર્યો હતો. જેથી ગઈકાલે કુવાડવા પોલીસ મથકના પીઆઈ વી.આર.રાઠોડની રાહબરીમાં પીએસઆઈ ભગોરા અને સ્ટાફે ચારેય શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.

# જીયાણા ગામે લોકોની ધાર્મિક લાગણી દુભાવનાર અસામાજિક તત્વો સામે ફરિયાદ

## અજાણ્યા શખ્સોએ રાત્રીના સમયે ટાયરથી આગ લગાવી રામાપીરની મૂર્તિ અને મેલડી માતાજીની છબી સળગાવી નાંખતા ભારે રોષ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલ જીયાણા ગામે ગત મોડી રાત્રે આવારા તત્વોએ સીમમાં આવેલ બે મંદિરમાં ટાયર સળગાવી રામાપીરની મૂર્તિ અને મેલડી માતાજીની છબી સળગાવી નાખી ધાર્મિક લાગણી દુભાય તેવી હરકત કરતા ગ્રામજનોમાં ભારે રોષ ભભૂકી ઉઠયો છે આ અંગે તાલુકા પંચાયતના સદસ્યએ એરપોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. રાજકોટ તાલુકાના જીયાણા ગામે રહેતા અને ખેતીકામ સાથે પંચાયતમાં સદસ્ય તરીકે સેવા આપતા કાનજીભાઈ સવશીભાઈ મેઘાણી ઉ.૬૩ નામના વૃદ્ધે અજાણ્યા શખસ સામે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૧૨ તારીખે રાત્રે ગામમાં આવેલ બંગલાવાળી મેલડી માતાજીના મંદિરે તાવો હોય બાધા હાજર હતા ત્યાર બાદ રાત્રીના એકાદ વાગ્યે ઘરે જતા રહ્યા હતા સવારે નવેક વાગ્યે ગામના લક્ષ્મણભાઈ રામાણીએ ફોન કરી ગામ અને સીમમાં આવેલ મંદિરમાં આગ લગાડેલી છે તેવું જણાવતા તાકીદે અન્ય ગ્રામજનો સાથે જઈને ત્યાં જોતા પાદરમાં આવેલ રામાપીરના મંદિરની અંદર ટાયર સળગાવી મૂર્તિ નષ્ટ કરી નાખી હોવાનું તેમજ સીમમાં આવેલ બંગલાવાળી મેલડી માતાજીના મંદિરમાં પણ લાકડા સળગાવી છબી સળગાવી નાખેલ હોવાનું જાણવા મળ્યું છે આ ઉપરાંત વાસંગીદાદાના મંદિરમાં તાળું માર્યું હોય મંદિર બહાર કપડાના ગાભા સળગાવ્યા હોવાનું જોવા મળ્યું હતું અજાણ્યા શખસની હરકતથી લોકોની ધાર્મિક લાગણી દુભાઈ હોય જેથી ફરિયાદ નોંધાવી હતી પીએસઆઈ એ કે રાઠોડ સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# રેનબસેરામાં માતા સાથે રહેતી ચાર મહિનાની બાળકીને તાવ ભરખી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં આવેલા રેનબસેરામાં માતા સાથે આશ્રય લઈ રહેલી ચાર માસની માસુમ બાળકીનું તાવની બિમારી સબબ મોત નિપજ્યું હતું. બાળકીના મોતથી જનેતા શોકમાં ગરકાવ થઈ ગઈ હતી. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં આવેલા રેનબસેરામાં રહેતી સીમાબેન નામની મહિલાની ચાર માસની પુત્રી પુજાબેન અશોકભાઈ બિસ્તાને તાવ છે ચડયો હતો જનેતાએ માસુમ પુત્રીને તાવ ચડતાં પ્રાથમિક સારવાર આપી હતી અને તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં માસુમ બાળકીનું સારવાર કારગત નિવડે તે પૂર્વે જ ટૂંકી સારવાર દરમિયાન માસુમ બાળકીનું હોસ્પિટલના બીછાને મોત નિપજતાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પુછપરછમાં મૃતક પૂજાબેન બિસ્તા અને તેની માતા સિમાબેન બન્ને રેનબસેરામાં આશ્રય લઈ રહ્યાં હતાં અને માસુમ બાળકી પુજાબેનનું તાવની બિમારી સબબ મોત નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે એ-ડીવીઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના નિકાવા ગામ પાસે તળાવમાં ડુબી જતા યુવાનનું કરૂણ મોત

## ખાનગી ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરતા સાત યુવાનો ન્હાવા ગયા હતા ત્યારે બનાવ બન્યો: અન્ય છનો બચાવ



**મુખ્ય સમાચાર, કાલાવડ**

કાલાવડના નિકાવા ગામની નજીક આવેલી એક ખાનગી ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી રહેલા સાત જેટલા શ્રમિકો તળાવમાં નાહવા પડયા પછી એક યુવાનનુ ડૂબી જતા મોત અન્ય મિત્રોએ બચાવવાનો - પ્રયત્ન કર્યો હોવા છતાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાથી માળીયાહાટીના - યુવાનનું કરૂણ મૃત્યુ જામનગર - જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી -એક ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી - રહેલાં સાત જેટલા કર્મચારીઓ - રવિવારની રજાના દિવસે પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડયા હતા. જ્યાં ડૂબી જવાના કારણે જુનાગઢ - જિલ્લાના માળીયાહાટીના ગામના - એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે. જેની - સાથે ન્હાવા પડેલા અન્ય મિત્રોએ બચાવવાના અનેક પ્રયત્નો કર્યા - હતા, પરંતુ બચાવી શક્યા ન હતા.

આ બનાવની વિગત એવી છે કે મૂળ જુનાગઢ જિલ્લાના માળિયા હાટીના ગામના વતની અને કાલાવડ ના નીકાવા નજીક આવેલી એક ફૂડ પ્રોસેસિંગ કંપનીમાં રહીને મજૂરી કામ કરતો દેવ કરસનભાઈ ભરડા નામનો ૧૯ વર્ષનો યુવાન ગઈકાલે રવિવારની રજા હોવાથી પોતાની સાથે કામ કરતા અને રૂમ પાર્ટનર રહેતા સાત જેટલા મિત્રોની સાથે કાલાવડ તાલુકાના પીપર ગામની સિમમાં આવેલા કરસનકુઈ નામના તળાવમાં નાહવા માટે ગયા હતા, જયાં તમામ મિત્રો સ્નાન કરી રહ્યા હતા, તે દરમિયાન દેવ એકાએક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. અન્ય મિત્રોએ તેને બચાવવા માટેના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ દેવનું ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાના કારણે કરૂણ મૃત્યુ નીપજ્યું હતું. તેથી અન્ય મિત્રોએ બુમાબુમ કરી મૂકી હતી. સમગ્ર બનાવ અંગે મૃતક દેવની સાથે જ કામ કરી રહેલા પરેશ જીવાભાઈ વાસણ નામના અન્ય એક યુવાને કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વાય.પી. ગોહિલ બનાવના સ્થળે દોડી ગયા હતા, અને તળાવ માંથી દેવ કરસનભાઈ ભરડા ના મૃતદેહ ને બહાર કઢાવ્યો હતો, અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

# હનિટ્રેપમાં ફસાવી યુવાનને મરવા મજબુર કરનાર યુવતી અને જીઆરડી સામે ગુનો દાખલ

## યુવાને વાગુદળ નદીમાં આપઘાત કર્યો'તો: પોલીસે યુવતી સહિત બેની શોધખો આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના મેટોડામાં રહેતા યુવકે વાગુદળ ગામે વીડિયો બનાવી નદીમાં ઝંપલાવી આપઘાત કરી લીધાના મામલે લોધિકા પોલીસે હનીટ્રેપમાં ફસાવી મરવા મજબૂર કરનાર જીઆરડી અને યુવતી સામે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ કરી હતી. પોલીસ મુજબ મેટોડા રહેતા માવજીભાઇ સૂત્રોના જણાવ્યા નથુભાઇ ખાંભુ એ ફરિયાદ કરી હતી. જેમાં આરોપી તરીકે રાજકોટમાં રૈયાધારમાં રહેતો જીઆરડી રાહુલ બગડા અને મેટોડા રહેતી કીર્તિ ઉર્ફે કિરૂડી દાનાભાઈ પરમારના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા.૯ના રોજ તેનો પુત્ર અજય (ઉ.૨૩)એ સવારે ટિફિન લઇ કામે જવાનું કહી ઘેરથી નીકળ્યા બાદ વાગુદળ ગામે નદીમાં પડતું મૂકી આપઘાત કરી લીધો હતો. જે બનાવમાં તેના પુત્રએ એક વીડિયો બનાવ્યો હતો. જેમાં તેને હું મરી મરવાનું કારણ કિરૂડી અને તેમજ તેના મોબાઇલમાં એક જાવ છું મારા રાહુલિયો બે જ છે. અન્ય વીડિયો હતો.

જેમાં અજય બોલતો હોય કે કેટલાક પૈસા દઉં મમ્મી તમને, અને આ લોકોને પૈસા નહીં દઉં તો મને દબાવ્યા જ રાખશે ઈ અને રાહુલિયો દર વખતે પગારના પૈસા પડાવી લેતા હતા. જેથી હું તમને પૈસા પડી ગયાનું ખોટું કહેતો હતો. હું પૈસા નહીં આપું કે તે કહે તેમ નહીં કરું તો મને સીધો દબાવતા હતા. જેથી હવે મારે મરી જવું પડશે. ગાંધીગ્રામમાં રહેતા રિક્ષાચાલક દીપકભાઇ પ્રદીપભાઇ શર્મા (ઉ.વ.૨૫) સોમવારે સવારે ચાર વાગ્યે બસ સ્ટેશનથી ત્રણ મુસાફરોને રિક્ષામાં બેસાડી યુનિવર્સિટી રોડ પર જવા નીકળ્યા હતા અને એસ્ટ્રોન ચોકમાં પહોંચ્યા હતા ત્યારે મહિલા કોલેજ અન્ડરબ્રિજ તરફથી એક કાર પૂરપાટ ઝડપે ધસી આવી હતી અને રિક્ષાને ઉલાળી હતી, કારની ઠોકરથી રિક્ષા પલટી ગઇ હતી, આથી ગંભીર રીતે ઘવાયેલા મહેશભાઇ કાળુભાઇ રાઠવા (ઉ.વ.૪૫)નું મૃત્યુ થયું હતું અને ત્રણ વ્યક્તિને ઇજા થતાં સારવારમાં ખસેડાયા હતા.

# ખરાબ વાતાવરણના કારણે મુંબઈની ફલાઈટ રદ થતા હિરાસર એરપોર્ટ પર મુસાફરો રઝળ્યા

## મુંબઈથી મલેશિયા અને સિંગાપુર જનારા મુસાફરો સહિત ૧૦૦થી વધુ લોકો રઝડતા હંગામો: ઈન્ડીગોના અધિકારીઓએ મામુ બનાવ્યાનો આક્ષેપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્ટરનેશનલ હિરાસર એરપોર્ટ પર ૭:૪૫ ઉડનારી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ છેલ્લી ઘડીએ કેન્સલ કરતા ૧૦૦ મુસાફરો એરપોર્ટ પર બોર્ડિંગ એરિયામાં રઝળ્યા હતા. કંપની દ્વારા છેક સુધી મુસાફરોને મામુ બનાવ્યા બાદ આખરે ફ્લાઈટ રદ કરતા મુંબઈથી ઈન્ટરનેશનલ કનેકટિવિટીના પેસેન્જરો ફસાયા હતા. જેથી એરપોર્ટ પર મુસાફરો અને કંપનીના અધિકારીઓ વચ્ચે હંગામો થયો હતો અને પેસેન્જરોએ ભુખ હડતાલની ચિમકી આપી હતી.

રાજકોટ હિરાસર એરપોર્ટ પરથી મુંબઈ માટે ૭:૪૫ ઉડાન ભરતી ઈન્ડિગો કંપનીની ફ્લાઈટને લઈ મુસાફરો ૬ વાગ્યાના એરપોર્ટ પર પહોચી ગયા હતા. પરંતુ કંપનીના અધિકારીઓએ અચાનક ફ્લાઈટ એક કલાક મોડી ત્યાર બાદ ૯:૩૦, ૧૦:૩૦ અને આખરે ૧૨ વાગ્યાનો સમય આપ્યો હતો. પરંતુ આખરે કંપનીએ ફ્લાઈટ જ રદ કરતા મુસાફરોનો પારો તપી ગયો હતો અને કંપનીના અધિકારીઓ સાથે એરપોર્ટ પર જ માથાકુટ કરી હતી. આ અંગે મુસાફર રવિરાજસિંહ જાડેજા સાથે વાતચીત થતા તેઓએ જણાવ્યુ હતું કે, ૬ વાગ્યાના પરિવાર સાથે એરપોર્ટ પર આવી ગયા છીએ. રાજકોટથી મુંબઈ અને ત્યાંથી ગોવા માટેની કનેકટેડ ફ્લાઈટ હતી. પરંતુ ઈન્ડિગો કંપનીના અધિકારીઓ ટેક્નિકલ ખામીઓનું બહાનું આપી છેક સુધી લબડાવી આખરે ફ્લાઈટ રદ કરી નાખી હતી. પરંતુ અમારી સાથે રહેલા અનેક મુસાફરોની મુંબઈથી મલેશિયા અને સિંગાપોર માટેની કનેકટેડ ફ્લાઈટ હતી. મુસાફરોની ફરિયાદ સાંભળવા માટે પણ કોઈ આવ્યુ ન હતું અને રાત્રીના મોડે સુધી જમવાની પણ વ્યવસ્થા કરી ન હતી. તેમજ મુંબઈ સુધી પહોચવા માટે અન્ય વ્યવસ્થા કરવાનું કહેવા છતા પણ કોઈ જવાબ આપવામાં આવ્યો ન હતો. આ અંગે હંગામો કરતા કંપનીના અધિકારીઓએ રિફન્ડ લઈ એરપોર્ટ પરથી જતું રહેવા માટે કહ્યુ હતું. પરંતુ મુસાફરોને વ્યવસ્થા નહી થાય તો ભુખ હડતાલ કરવા સુધીની ચિમકી આપી હતી. આ અંગે ઈન્ડિગો એરલાઈન્સના અધિકારીઓનો સંપર્ક સાધતા તેઓએ કોઈ પ્રતિઉત્તર આપ્યો ન હતો.

# એસ્ટ્રોન ચોક પાસે હીટ એન્ડ રનની ઘટના: કાર ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા મુસાફરનું મોત

## રિક્ષા ચાલક સહિત બે યુવાનો ઘવાયા: કાર ચાલક ફરાર: પોલીસે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

એસ્ટ્રોન ચોક પાસે વહેલી સવારે નશાધૂત કાર ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા મુસાફર પ્રોઢનું મોત નીપજ્યું હતું જ્યારે રીક્ષા ચાલક સહિત બેર્ને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.


આ અંગેની માહિતી મુજબ ગાંધીગ્રામમાં રહેતા દીપકભાઈ પ્રદીપભાઈ શર્મા (ઉ.વ.૨૬) પોતાની રિક્ષામાં મહેશભાઈ કાળુભાઈ રાઠવા (ઉ.વ.૪૫) અને અજય જાદવ (ઉ.વ.૨૨) નામના બે મુસાફરને બેસાડીને વહેલી સવારે પાંચેક વાગ્યાના અરસામાં એસ્ટ્રોન ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા કાર ચાલકે રિક્ષાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી કાર ચાલક નાસી છૂટયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા રીક્ષા ચાલક સહિત ત્રણેયને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ગંભીર રીતે ઘવાયેલા મહેશભાઈ રાઠવાનું ટૂંકી સારવાર દરમિયાન હોસ્પિટલના બિછાને મોત નીપજતા શ્રમિક પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતીપ્રાથમિક પૂછપરછમાં મૃતક મહેશભાઈ રાઠવા મૂળ છોટા ઉદયપુરના વતની છે અને હાલ ઈશ્વરીયા ખાતે આવેલી મોદી સ્કૂલમાં માળી તરીકે ફરજ બજાવતા હતા. વેકેશન હોવાથી મહેશભાઈ રાઠવા પોતાના વતનમાં ગયા હતા અને જ્યાંથી આજે પરત ફર્યા હતા. અને રીક્ષામાં બેસી જઈ રહ્યા હતા ત્યારે જીવલેણ અકસ્માત નડયો હોવાનું અને અકસ્માત સર્જી નાસી છુટેલો કાર ચાલક દારૂ પીધેલી હાલતમાં હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે નોંધ કરી અકસ્માત સર્જી નાશી છૂટેલા કાર ચાલક વિરુદ્ધ તપાસનો દોર લંબાવ્યો છે.



(મૃતક : મહેશભાઈ રાઠવા)



(ઈજાગ્રસ્ત રિક્ષાચાલક)



(ઈજાગ્રસ્ત મુસાફર)

# પુષ્કરધામ રોડ પર કરિયાણાના વેપારીનો ઝેરી દવા પી આપઘાત: અરેરાટી

## ભાઈની સહી કરાવી દસેક શખ્સોએ દુકાન અને કાર લખાવી લઈ છેતરપિંડી કરી હોવાની સ્યુસાઈટ નોટ મળી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર નવી કોર્ટની પાછળ અમી હાઈટ્સમાં રહેતા અને પુષ્કરધામ મેઈન રોડ પર નંદની પાર્કમાં સદગુરુ પ્રોવિઝન સ્ટોર ધરાવતા વેપારીએ પોતાના ભાઈને હું દાઢી કરાવા જાવ છું. તેમ કહી દુકાન પાછળ આવેલ બાથરૂમમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મૃતક પાસેથી મળેલી સ્યુસાઈડ નોટના આધારે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

જામનગર રોડ પર નવી બનેલી કોર્ટની પાછળ અમી હાઈટ્સમાં રહેતા અનિલભાઈ પ્રાણજીવનભાઈ સેદાણી (લોહાણા) (ઉ.વ.૬૩) આજે સવારે પુષ્કરધામ પાસે નંદીપાર્કમાં પોતાની સદગુરુ પ્રોવિઝન સ્ટોરે તેમના ભાઈ પ્રવિણ ઉર્ફે બકુલ સાથે હતા ત્યારે હમણા દાઢી કરાવીને આવુ કહ્યા બાદ દુકાનની પાછળ આવેલા બાથરૂમમાં સેલફોસની ઝેરી દવા પી જતાં તેમના ભાઈ પ્રવિણભાઈને જાણ થઈ હતી જેથી અનિલભાઈને આજુબાજુના લોકો તુરંત સિવિલ હોસ્પિટલે ખસેડયા હતા ત્યાં સારવાર દરમિયાન અનિલભાઈનું મોત નિપજ્યું હતું. આ મામલે તબીબે એમએલસી જાહેર કર્યું હતુ. અને હોસ્પિટલ ચોકીના સ્ટાફે એન્ટ્રી નોંધી યુનિવર્સિટી પોલીસને જાણ કરતા યુનિવર્સિટી પોલીસ પોસ્ટમોર્ટમ પહોંચી મૃતકના ભાઈ બકુલભાઈનું નિવેદન નોંધ્યું હતું.

આ સમગ્ર ઘટના અંગે મૃતક અનિલભાઈ પાસેથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. આ સ્યુસાઈડ નોટમાં અનિલભાઈએ જણાવ્યું હતું કે, તેમને મરી જવા માટે મજબ્બુર કરનાર રાજીવ કોઠારી છે. આરોપી રાજીવ સાથે અન્ય ૧૦ લોકો મળેલા છે. અનિલભાઈ અને તેમના ભાઈ બકુલભાઈ અપરિણીત છે. જેથી આ સદગુરુ પ્રોવિઝન સ્ટોર નામે દુકાન ચલાવી ગુજરાન ચલાવે છે. આરોપીઓ દુકાને આવી અને બકુલભાઈને ભોળવીને અમુક દસ્તાવેજમાં સહી કરાવી લીધી છે. અમે બન્ને ભાઈઓ વચ્ચે કોઈ રાગદ્રેસ નથી આરોપી ફોન ઉપાડતા નથી કાપી નાખે છે.

આ ગુનામાં મારા ભાઈને ફસાવવાનું કાવતરું ઘડાય રહ્યું છે. અમારે કોઈ સાથે પૈસાનો વ્યવહાર નથી અને કોઈને પૈસા આપ્યા નથી. અને કોઈ પાસેથી લીધા નથી આરોપીઓએ અમારી કાર અને દુકાનના કાગળોમાં સહીઓ કરાવી લીધી છે આ મામલે આરોપીઓ સામે પગલા ભરી કાર્યવાહી કરવા જણાવ્યું છે. આ અંગે યુનિવર્સિટી પોલીસ મથકના સ્ટાફે મૃતકના ભાઈ બકુલભાઈનું નિવેદન નોંધ્યું હતું.

આ સમગ્ર ઘટનામાં યુનિવર્સિટી પોલીસ મથકના પીઆઈ રાઠોડ અને સ્ટાફે સ્યુસાઈટ નોટ કબજે લઈ તેમાં દર્શાવેલા રાજીવ કોઠારી નામના વ્યક્તિને સકંજામાં લેવા તજવીજ શરૂ કરવામાં આવી રહી છે. તેમજ સ્યુસાઈટ નોટમાં અન્ય ૧૦ વ્યક્તિનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ૧૦ વ્યક્તિ કોણ છે ? તે તપાસકરવા માટે મૃતકના સગાભાઈ બકુલભાઈનું નિવેદન નોંધવામાં આવ્યું હતુ. વધુ કાર્યવાહી યુનિવસિટી પોલીસે હાથ ધરી છે.

# સામાકાંઠે ખાનગી સ્કુલમાં વિદ્યાર્થિની પર નિર્લજજ હુમલો કરનાર શિક્ષકને પાંચ વર્ષની સજા

## ભોગ બનનાર સગીરાને રૂા.દોઢ લાખનું વળતર ચુકવવા કોર્ટે હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સામા કાંઠે બી ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં આવેલી ખાનગી સ્કૂલમાં સાડા અગિયાર વર્ષની સગીર વિદ્યાર્થિનીની જાતીય સતામણી અને નિર્લજ હુમલો કરવાના એક વર્ષ પહેલાના કેસમાં સ્પેશિયલ પોક્સો અદાલત જજ બીબી જાદવે આરોપી શિક્ષકને તકસીરવા ઠરાવી પાંચ વર્ષ સહિતની પ્રજાનો હુકમ કર્યો છે. રાજકોટના સામા કાંઠે એક સોસાયટીમાં આવેલ ખાનગી વિધા સંકુલ (સ્કુલ)માં શિક્ષકે માત્ર ૧૧.૫ વર્ષની ઉંમરની બાળકી પર ઉગ્ર જાતીય હુમલો અને જાતીય સતામણી કરી હોવાની અને બાળકીને આંખ ધમકી પણ આપી હોવાની ફરિયાદ ભોગ બનનારના પિતાએ બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં કરી હતી. તેમાં પોલીસે પ્રાથમિક તપાસ કરીને શિક્ષક સામે ગુનો નોંધી ધોરણ સર ની કાર્યવાહી અને તપાસ બાદ પોક્સો કેસની કલમ હેઠળનું ચાર્જશીટ મૂક્યું હતું.

આ કેસ સ્પેશિયલ પોક્સો અદાલતમાં ચાલવા ઉપર આવતા ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા ભોગ બનનાર બાળકી તથા ફરિયાદી, પોલીસ અધિકારીઓ, શાળાના જવાબદારો અને સી.સી.ટી.વી. ફુટેજ રજુ કરેલા અને રેકર્ડ પર આશરે દસ જેટલા દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલા. સરકારી વકીલ મહેશ જોષી દ્વારા રેકર્ડ પર રજુ થયેલ મહત્વના દસ્તાવેજી પુરાવાઓ અને મૌખિક પુરાવાઓનું મૂલ્યાંકન કરી સ્પેશિયલ પોક્સો કોર્ટ એવા નિર્ણય પર આવેલ કે આરોપીએ બાળક સાથે પોકસો એક્ટની જોગવાઈઓ હેઠળનો ગંભીર ગુનો આચર્યો છે, તેમજ આરોપીએ ભારતીય દંડ સહિતાની જોગવાઈઓ હેઠળનો પણ ગુનો આચરેલો છે, જેથી શિક્ષકને પોકસો એક્ટની કલમ ૧૦માં તક્સીરવાર ઠરાવી આ કલમ હેઠળની વધુમાં વધુ સજાની જોગવાઈ મુજબ પાંચ વર્ષની સખત કેદ તેમજ પોકસો આઠની કલમ મુજબ ત્રણ વર્ષ, આઈપીસી ૫૦૬ (૨) મુજબ ૨ વર્ષ, ૩૫૪ (એ) તથા ૩૫૪ (બી) માં એક અને ત્રણ વર્ષની સજા ઉપરાંત ભોગ બનનાર વિદ્યાર્થિનીને વિક્ટિમ કોમ્પેન્સેશન એક્ટ હેઠળ રૂપિયા દોઢ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે. આ કામમાં સરકાર પક્ષેથી એ.પી.પી. મહેશભાઈ જોષીએ માત્ર એક વર્ષ જુના આ કેસમાં સમય મર્યાદામાં કેસ પૂરો કરવામાં અને પરિણામ લાવવામાં સફળતા પ્રાપ્ત કરી છે.